Vol. 04, Issue 01, Jan.-March 2022
ISSN (Online) No. 2582 – 046X
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

# અમદાવાદના મજૂર આંદોલનો : એક ઐતિહાસિક અભ્યાસ

**ફાલ્ગુની રમેશભાઈ વણકર** (એમ.એ, બી.એડ)
પી.એચડી સ્કોલર, ઈતિહાસ વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
Email : falguni.vankar58@gmail.com

**Abstract:**

આધુનિક અમદાવાદ શહેર ભારતનાં માંચેસ્ટર તરીકે ઓળખાયું છે. અમદાવાદના મિલમજૂરોને યાદ કરીએ એટલે સમગ્ર મિલઉદ્યોગ નું ચલચિત્ર આગળથી પસાર થવા માંડે છે. મિલ ઉદ્યોગના વિકાસ થી નવીન વર્ગો અને નવીન સમસ્યાઓ નું સર્જન થયું. એક તરફ મિલમાલિકો અને બીજી બાજુ મજૂર વર્ગનું સર્જન થયું. માલિક અને મજૂરો વચ્ચે ના પ્રશ્નો સર્વ ઉદ્યોગોમાં પ્રવેંતતા જ રહે છે. આ પ્રશ્ન અંગે મતભેદો ઊભા થતાં પરસ્પર અથડામણ, મજૂરોની હડતાળો, માલિકોની કારખાનાઓને તાળાબંધી વગેરે થાય છે. મિલ આંદોલન આર્થિક અને ઔદ્યોગિક ક્ષેત્રે એક મહત્વનું જમા પાસું છે. જ્યારે જ્યારે મજૂરોનું શોષણ થાય છે ત્યારે ત્યારે મજૂરોએ પોતાના માનવીય હક્કો સન્માનજનક વેતન, આરોગ્ય વિષયક સુવિધાઓ, વીમા સંરક્ષણ વગેરે સારું લડત આપી છે. આ લડતો માં ગાંધીજી, અનસૂયાબેન સારાભાઈ, શંકરલાલ બેંકર,, આનંદશંકર ધ્રુવ, મંગળદાસ વગેરે જેવા મજૂર કાર્યકરોએ મહત્વની ભૂમિકા ભજવી છે.
આમ, અમદાવાદના મજૂર આંદોલનમાં જે આંદોલનો કે હડતાલો થઈ અને બીજા અનેક સારા તત્વોનો સર્જન થયું તેના વિશે મારા સંશોધન લેખ માં માહિતી આપવાનો પૂરેપૂરો પ્રયાસ કર્યો છે.

Key Words: મિલમજૂર, આધુનિક અમદાવાદ, ઔદ્યોગિકરણ, મજૂરોનું શોષણ

**પ્રસ્તાવના :**

આધુનિક ભારતના ઈતિહાસમાં ઔદ્યોગિકરણની પ્રક્રિયા ૧૮મી-૧૯મી સદીથી શરૂ થાય છે. ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે ખૂબજ વધારો થયો છે. જેમાં ગુજરાત ઓદ્યોગિક ક્ષેત્રે ખૂબ જ વિકાસ પામ્યું છે. ઔદ્યોગિક ક્ષેત્રોની સાથે કારીગરો, ખેડૂતો અને મજૂરો સંકળાયેલાં છે. પરંપરાગત પધ્ધતિ અને હસ્તઉદ્યોગ ક્ષેત્રે બ્રિટિશકાળ દરમિયાન મોટાં ફેરફારો થાય છે. ગૃહઉદ્યોગનું સ્થાન હવે ઉદ્યોગો લેવા લાગ્યા. અને કારખાંનાઓની ક્રમિકપણે શરૂઆત થવા માંડી. આ સાથે આર્થિકક્ષેત્રે ઘણાં બદલાવો આવ્યા. કારખાંના પધ્ધતિએ નવીન વર્ગો અને નવીન સમસ્યાઓનું સર્જન કર્યું. એક તરફ મિલમાલિકો અને બીજી બાજુ મજૂર વર્ગનું સર્જન થયું. જ્યારે મિલમજૂરોની વાત કરીએ એટલે સમગ્ર મિલ ઉદ્યોગોનું ચલચિત્ર આંખ

આગળથી પસાર થવા માંડે છે. ભારતમાં વિવિધ ક્ષેત્રે ઉદ્યોગોની સ્થાપના થઇ હતી. ભારતમાં કાપડ ઉદ્યોગનો પાયો નાખનાર પારસી પ્રયોજક કાવસજી દાવર હતાં. તેમણે મુંબઇમાં ઇ.સ.૧૮૫૪માં ધી બોમ્બે સ્પીનીંગ એન્ડ વીવીંગ મિલ કંપનીની સ્થાપના દ્વારા ભારતમાં મિલ ઉદ્યોગનો પાયો નાંખ્યો.જ્યારે ગુજરાતમાં મિલ સ્થાપવાની શરૂઆત ઇ.સ. ૧૮૫૧માં ભરૂચમાં જેમ્સ લેન્ડન નામના વેપારીએ કરી હતી પરંતુ આ પ્રયત્ન નિષ્ફળ રહ્યો હતો. સાચા અર્થમાં ગુજરાતના અમદાવાદમાં રણછોડલાલ છોટાલાલ રેંટીયાવાળાએ ઇ.સ.૧૮૬૧માં ધી અમદાવાદ સ્પીનીંગ એન્ડ વીવિંગ મીલ નામની સૌ પ્રથમ કાપડ મિલની સ્થાપના કરી. આમ મિલ ઉદ્યોગનો વિકાસ થવા પામ્યો હતો. જેના કારણે અમદાવાદ ભારતનું માન્ચેસ્ટર તરીકે પંકાયું.અમદાવાદની સમગ્ર વસ્તી મિલઉદ્યોગ પર નભતી હતી. એ વખતનાં જાણીતાં કવિ અવિનાશ વ્યાસે અમદાવાદનાં મિલઉદ્યોગ ઉપર એક ગીત લખ્યું, ત્યારે નીચેની પંકિતઓ કાનમાં હજી ગુંજે છે,

"અમદાવાદના જીવનનો સુણજો ઈતિહાસ ટચૂકડો
જયાં પહેલા બોલે મિલનું ભૂંગળું અને પછી પુકારે કૂકડો"
ત્યારપછીની પંકિતઓમાં લખેલું કે,
"મિલમજૂરોની મજૂરી પર શહેર તણી આબાદી"

આમ,ખરેખર મિલઉદ્યોગના વિકાસમાં મજૂરોનું મહત્વનું યોગદાન રહેલું છે.

## મિલમજૂર આંદોલનની શરૂઆત

મિલમજૂર આંદોલનએ ઓદ્યોગિક ક્રાંતિની દેન છે. માલિક અને મજૂરો વચ્ચેના પ્રશ્નો સર્વ ઉદ્યોગોમાં સતત પ્રવર્તતા જ રહે છે. આ પ્રશ્નો અંગે મતભેદો ઊભા થતાં પરસ્પર અથડામણ, મજૂરોની હડતાલો અને માલિકોનાં કારખાનાંઓને તાળાબંધી થાય છે. આમ,

Vol. 04, Issue 01, Jan.-March 2022
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

ઔદ્યોગિક વાતાવરણ ડોહળાય છે. ઓદ્યોગિક અશાંતિમાંથી પ્રગટતા આંદોલનોએ સર્જેલી પાયમાલીના અનેક ઉદાહરણ ભારત અને દુનિયામાં ઓદ્યોગિક ઇતિહાસમાંથી મળી રહે છે. મૂડીવાદી સમાજરચનામાં મજૂરોનું સ્થાન પણ જડયંત્રોનાં જેવું રહ્યું. માનવ તરીકે તેની ગણના થતી ન હતી. તેઓએ તેમની આર્થિક અને કામગીરીની સ્થિતિ સુધારવા ભેગા મળીને-સંપ કરીને માલિકો સામે લડત ચલાવવાનું શરૂ કર્યું અને તે માટે હડતાલનો હક આગળ કર્યો. મૂડીવાદીઓના વર્ચસ્વવાળા સરકારે તેમના આ પ્રકારના વર્તાવને કાવતરું ગણ્યું અને તેને ગેરકાયદે જાહેર કરાવ્યું. આ મજૂર ચળવળની શરૂઆત અમદાવાદમાં ઇ.સ.૧૯૧૭ના ડિસેમ્બરમાં થઈ, પરંતુ તે પહેલા લગભગ ઇ.સ.૧૮૯૩ થી ૧૯૦૪ના સમયગાળા દરમિયાન લગભગ મિલઉદ્યોગ મંદ પડતા અમદાવાદના મિલમાલિકોએ ઉત્પાદન ઓછુ કરતા, કામના કલાકો ધટાડવાનું શરૂ કર્યું. અને મજૂરી પર કાપ મૂકવામાં આવ્યો. આવા સંજોગોમાં ઇ.સ.૧૮૯૫માં મજૂરોએ પ્રથમ કાયદેસર નોંધાયેલ હડતાલ પાડી હતી. લગભગ ૮૦૦૦ જેટલા તાણાવાણાઓ એમાં જોડાયા હતા. અને પછી પ્રદ્ધતિસરની હડતાલ ઇ.સ.૧૯૧૭માં અનસૂયાબેન સારાભાઇના નેતૃત્વ હેઠળ થાય છે. અને આ હડતાલ સફળ સાબિત થાય છે. આમ ૧૯૧૭ની સાલમાં થયેલ હડતાલથી મજૂર આંદોલનના બીજ રોપાયા. અને તેમાંથી મિલમજૂર આંદોલનનો જન્મ થયો. ત્યારબાદ ૧૯૧૮માં મોટા પાયા પર ગાંધીજીના માર્ગદર્શન દ્વારા હડતાલ થાય છે.

## ૧૮૯૫ ની અભૂતપૂર્વ હડતાલ

હકીકત એ છે કે ગાંધીયુગ પહેલાં અમદાવાદના મિલમજૂરોએ બબ્બે વખત, ૧૮૯૫ અને ૧૮૯૯ માં હડતાલો પાડી હતી. ૧૮૯૯માં જુલાઈની હડતાલનું કારણ ફડચામાં આવેલી છટણી

Vol. 04, Issue 01, Jan.-March 2022
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

(Retrenchment) હતું. ૧૮૯૧માં સ્થાપેલા અમદાવાદ મિલમાલિક મંડળ સામે મજૂરોએ ધા નાંખી, પણ તેનો કોઈ પ્રતિસાદ ન મળતાં મોટાભાગની મિલોના મજૂરોએ ચાર દિવસ હડતાલ પાડી. મિલમાલિક મંડળને નમતું જોખવું પડ્યું અને તેણે ચાર મજૂરોને બીજી મિલોમાં સમાવી લેવાની ખાતરી આપ્યા પછી જ મજૂરોએ હડતાલ સમાપ્ત કરી.

અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલા અંગ્રેજી અને ગુજરાતી ગ્રંથો તેમજ લેખોમાંથી ૧૮૯૫ ની મજૂર હડતાલ વિશે નહીવત્ માહિતી પ્રાપ્ત થાય છે. તેનો અર્થ એ નથી કે તે બિનમહત્વની હતી. હકીકતમાં તો વાઘરી, કોળી, વણકર, બાવચા, કણબી અને 'પરદેશી' એમ તમામ મજૂરો એકસંપ થઈને તેમાં સામેલ થયા હતા. એકલા પુરુષોએ જ નહીં, મહિલા મજૂરોએ પણ હડતાલમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૧૮૯૫ ની અમદાવાદની મિલમજૂરોની હડતાલનું એક જમા પાસું એ હતું કે તે ૧૮ દિવસ સુધી ચાલી હોવા છતાં તેણે જ્ઞાતિવાદ કે કોમવાદનું સ્વરૂપ ધારણ ના કર્યું. મજૂરોએ એક વર્ગ તરીકે આ આંદોલન ચલાવ્યું હતું.

## ૧૯૧૭ ની પાયારૂપ લડત

૧૯૧૭ ના જુલાઈ મહિનામાં અમદાવાદમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો અને તેને લઈને મિલમજૂરો પોતાને ગામ ચાલ્યા જાય તો મિલો બંધ પડે એટલે મજૂરો ગામે પાછા ન ફરે તે માટે મિલમાલિકો એ પ્લેગબોનસ આપવાનું શરૂ કર્યું. એ રીતે તે મિલમાલિકો એ પગારના લગભગ ૭૫ ટકા જેટલું બોનસ આપવા માંડ્યું. પણ આ બોનસ તાણાવાળાઓને મળતું નહોતું. કારણ તાણાવાળાઓ મુખ્યત્વે શહેરમાં રહેતા હોવાથી તેઓ શહેર છોડી જશે એવો માલિકોને ભય ન હતો. આથી તાણાવાળાઓમાં ભારે અસંતોષ ફેલાયો અને બોનસ ન મળવાથી તેઓ પગારમાં વધારા માટે માંગણી કરવા વિચારતા હતા.

તાણાવાળાઓના પગારનો દર હજાર તારે ૧૨ પાઈનો હતો. એમાં તેઓ ઓછામાં ઓછા ૨૫ ટકા વધારાની માંગણી કરવા ઈચ્છતા હતા. આ અંગે તેઓ મજૂર કલ્યાણની પ્રવૃત્તિમાં પરોવાયેલાં શ્રી. અનસૂયાબહેન સારાભાઇનું માર્ગદર્શન મેળવવા ગયા. શ્રી. અનસૂયાબહેન મજૂરોના જીવનવિકાસ માટે રચનાત્મક કામ કરતાં હતાં. મજૂરોએ શ્રી. અનસૂયાબહેનને લડતની આગેવાની લેવાની પણ વિનંતી કરી. જોકે તાણાવાળાઓમાં કેટલાક શિક્ષિત કામદારો લડતનું નેતૃત્વ લેવા જતાં મિલમાલિકોની કિન્નાખોરીનો ભોગ બનવું પડે એ બીકથી એમણે શ્રી અનસૂયાબહેનની મદદ માગી. શ્રી. અનસૂયાબહેન મિલમાલિકોના અગ્રણી શેઠ શ્રી. અંબાલાલ સારાભાઇના બહેન હતાં, એથી માલિકો પર એમનો કંઇક પ્રભાવ પડશે એવો ખ્યાલ પણ પ્રવર્તતો હતો.

તાણાવાળા મજૂરોએ સાબરમતી નદીની રેતીમાં સભા ભરી. શ્રી. અનસૂયાબહેન સભામાં ગયાં અને તેમણે મજૂરોને ચળવળના મૂળભૂત પાઠો શીખવ્યા. પ્રથમ માલિકો સમક્ષ માંગણી થવી જોઈએ, એ માંગણીનો સ્વીકાર ન થાય તો હડતાલની નોટિસ આપવી જોઈએ. નોટિસનો સમાય પૂરો થાય ત્યારે જ હડતાલ પાડી શકાય.

સભામાં એવો ઠરાવ થયો કે પગારના દરમાં ૨૫ ટકાના વધારા માટે માંગણી કરવી અને માલિકો તેનો અસ્વીકાર કરે તો હડતાલ પાડવી. માલિકોને તેના સ્વીકાર માટે શ્રી. અનસૂયાબહેને ૪૮કલાકની મુદત આપવાનું ઠરાવવામાં આવ્યું. એમની આ સૂચના મજૂરોએ સ્વીકારી અને આ અંગેની નોટિસો સભામાં જ લખી તૈયાર કરવામાં આવી અને પ્રમુખ તરીકે શ્રી. અનસૂયાબહેનની સહી પણ લેવાઈ. માલિકોએ આ માંગણીનો અસ્વીકાર કરતાં ૪ થી ડીસેમ્બરના રોજ મજૂરોએ હડતાલ પાડી. મિલોમાં તાણાવાળાની સંખ્યા બહુ મર્યાદિત હતી. અમદાવાદની મિલોમાં

તાણાવાળાની સંખ્યા તે વખતે લગભગ ૫૦૦ જેટલી હશે. સંખ્યાની દ્રષ્ટિએ તેઓ ઘણા ઓછા હતા, છતાં કામની દ્રષ્ટિએ તેઓ ઘણું મહત્વ ધરાવતા હતા. તેમનાં નિયમિત કામ પર જ મિલોનાં અન્ય ખાતાંઓનું કામ ચાલી શકતું. આથી હડતાલમાં મિલો ચાલુ રહે એ માટે માલિકોએ મુંબઈથી તાણાવાળાઓને સમજાવીને તેમજ મોટી મોટી લાલચો આપીને અમદાવાદ મોકલવા માંડ્યા ત્યારે હડતાલ પર ઉતરેલા મજૂરોએ પિકેટિંગ જેવું કામ કરીને મુંબઈના તાણાવાળાઓને પાછા મોકલવા સમજાવટથી કામ લીધું. હડતાલ બે-અઢી મહિના સુધી ચાલી. દરમ્યાનમાં કેટલાક મજૂરોને ગુજરાન અંગે તકલીફ જણાવા લાગી. તેમણે શ્રી. અનસૂયાબહેને મદદ કરી. માલિકોએ લડત તોડાવવા માટે અનેક પ્રયાસો કર્યા. પરંતુ શ્રી અનસૂયાબહેનની દોરવણી મુજબ મજૂર નેતાઓએ એ પ્રયત્નો નિષ્ફળ બનાવ્યા. અને માલિકો પગારના દરમાં વધારો કરી આપવા લાગ્યા. પગારનો દર ૧૨ પાઈ માંથી વધારીને ૧૫ પાઈની જગ્યાએ ૧૪|| પાઈનો કર્યો. આ વધારો તાણાવાળાઓ પોતાની માંગણીને સંપૂર્ણપણે સંતોષ થતો ન હોવા છતાં તેની બિલકુલ નિકટનો હોવાથી તેનો સ્વીકાર કરી કામે ચઢી ગયાં. આ લડતમાં શ્રી બચુભાઈ વકીલ, શ્રી અમુભાઈ મહેતા, શ્રી હરીલાલ સાહેબા અને શ્રી કાલીદાસ વકીલ વગેરે શ્રી અનસૂયાબહેનને મદદ કરતા હતા.

આ હડતાલનું અનેક દ્રષ્ટિએ ઘણું મહત્વ છે. ૧૯૧૭ પહેલાં દેશમાં હડતાળો તો પડતી હતી, પરંતુ એ બધી હડતાળો અવ્યવસ્થિત હતી. પોતાની માંગણીઓ શી છે તેનો પણ ખ્યાલ મજૂરોને નહોતો રહેતો. એકાએક હડતાળો પડતી અને એકાએક તૂટતી. ૧૯૧૭ ની સાલમાં સૌથી પહેલી સુવ્યવસ્થિત હડતાળ પડી. આ હડતાળ ૪ થી ડિસેમ્બરે પડી અને અમદાવાદના મજૂર આંદોલન અંગે આ પ્રસંગ અત્યંત મહવનો હોવાથી અમદાવાદના મજૂરો; ૪ થી ડિસેમ્બર "મજૂર-દિન" તરીકે ઉજવે છે.

Vol. 04, Issue 01, Jan.-March 2022
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

## ૧૯૧૮ ની હડતાળ – એક ધર્મયુદ્ધ

ઈ.સ. ૧૯૧૮ ની શરૂઆતમાં પ્લેગ શમી જતાં મિલમાલિકો પ્લેગ બોનસ બંધ કરવાનો વિચાર કરવા લાગ્યા. આથી સાળખાતાના મજૂરોમાં અસંતોષ વ્યાપ્યો. આ બોનસને લીધે વિશ્વયુદ્ધના મોંઘવારીના જમાનામાં મજૂરો પોતાની જીવન જરૂરિયાતો સરળતાથી મેળવી શકતાં હતા. આમાં બોનસ બંધ થવાનો ભય ઉભો થતાં તેઓમાં ખળભળાટ મચી ગયો. હવે મજૂરો મોંઘવારી અને મુંબઈની મિલોમાં સાળવાળાને મળતા પગાર ધ્યાનમાં રાખીને પગારમાં રીતસરનો ૫૦ ટકા વધારો થાય તેવી માંગણી કરવાનું વિચાર્યું અને એ માટે મજૂરોના મોટાંબહેન અનસૂયાબહેનને પોતાની લડતમાં મદદ કરવા અને તેનું સુકાન સંભાળવા પણ વિનંતી કરવા લાગ્યા. શ્રી અનસૂયાબહેને તેમના પ્રત્યે સહાનુભૂતિ બતાવી, પરંતુ તેઓ સાળવાળાઓની એ લડતમાં ગંભીર જવાબદારી અને જોખમ જાણતા હતા. તાણાવાળાઓની લડતની અપેક્ષામાં આ લડત મોટી હતી. આ હડતાળ અંગે શ્રી અનસૂયાબહેને મહાત્મા ગાંધીજીની મદદ માંગી અને તેઓ ચંપારણથી અમદાવાદ મદદ કરવા આવી પહોંચ્યા અને એમણે મજૂર આંદોલનનું સુકાન પોતાના હાથમાં લીધું. અમદાવાદમાં આવીને ગાંધીજીએ સાળખાતાના મજૂરોની માંગણી ચકાસી તો એમને તે વિચારવા જેવી લાગી. તેમણે માલિકો સાથે વાટાઘાટો શરૂ કરી. એક બાજુ મજુરો પગારમાં રીતસરનો ૫૦ ટકા વધારો માગતા હતા, જ્યારે બીજી બાજુ માલિકો આ અંગે ૨૦ ટકા વધારો આપવાનું યોગ્ય ગણતા હતા. તેથી વાટાઘાટો નિષ્ફળ થઇ.

મજૂરોની વાજબી માંગણી માટે હવે ગાંધીજી પાસે લડત સિવાય કોઈ ઉપાય ન રહ્યો. તેમણે શ્રી અનસૂયાબહેન, શ્રી છગનલાલ ગાંધી અને શ્રી શંકરલાલ બેંકરને પણ આ હડતાળમાં સાથે રહીને મદદ કરતા. ગાંધીજીએ શ્રી શંકરલાલ બેંકરને મુંબઈ મોકલી ત્યાંની મિલોમાં

સાળવાળાઓને શો પગાર મળે છે અને તેમની પરિસ્થિતિ કેવી છે, વગેરેની તપાસ કરાવી. શ્રી બેંકરના અહેવાલને આધારે અમદાવાદના મજુરો પણ ૩૫ ટકાના વધારાની માંગણી કરવી એવા નિર્ણય પર આવ્યા. ૩૫ ટકાના વધારાની માંગણી કરવાનું ઠરાવ્યા પછી મિલમાલિકોના ગ્રુપના માર્ગદર્શક શ્રી અંબાલાલ સારાભાઈને એની જાણ કરી પરંતુ માલિકો આ ઠરાવ દરમ્યાનની માંગણી પણ સ્વીકારવા તૈયાર ન થયા. આથી સમાધાનનો કોઈ માર્ગ રહ્યો નહિ. પરિણામે હડતાળ અનિવાર્ય થઇ પડી અને માલિકોને આ નિર્ણયની જાણ કરાઈ.

ગાંધીજીએ સાળખાતાના મજૂરોને હડતાળ પાડવાનું એલાન આપ્યું. ગાંધીજીની દ્રષ્ટિએ તો આ 'હડતાળ' ન હતી પણ 'સત્યાગ્રહ' હતો. આ ઐતિહાસિક હડતાલનું વર્ણન સ્વ. શ્રી મહાદેવભાઈએ પોતાની પુસ્તિકા 'એક ધર્મયુદ્ધ' માં આપ્યું છે. અમદાવાદના મજૂરોની ૧૯૧૮ ની હડતાળ એ ખરેખર એક ધર્મયુદ્ધ હતું. મજૂરોનું સંગઠન કેમ બંધાય, તેમની માંગણીઓ કેમ રજૂ થાય, ન્યાય મેળવવા માટે શું શું કરવું જોઈએ અને મજૂર ચળવળ મજૂરોને કલ્યાણકારી હોય એટલું જ નહિ પણ ઉદ્યોગણે અને દેશને પણ કલ્યાણકરી બને તે માટે આ સિદ્ધાંતો અપનાવવા જોઈએ તેનો ખ્યાલ મહાત્માજીએ ભાષણો, પત્રિકાઓ અને પત્રો દવારા ૧૯૧૮ ની સાલમાં દેશ સમક્ષ રજૂ કર્યા છે. એટલું જ નહિ ગાંધીજીએ મિલમાલિકો અને મજૂરોના પ્રશ્નનો ઉકેલ લાવવા પંચ પ્રથાની શરૂઆત કરી તેમણે પંચની પ્રથાના અનેક ફાયદાઓ માલિકો અને મજૂરોને સમજાવ્યા. પંચપ્રથા સ્વીકારવી એટલે શુદ્ધ ન્યાય મેળવવો.

## મજૂર મહાજન સંઘની સ્થાપના

અમદાવાદમાં કાપડસૂતરની મિલોમાં કામ કરતાં મજૂરોનું સંગઠન ઇ.સ. ૧૯૧૭માં શરૂ થયું અને આ સંગઠન ભવિષ્યમાં મજૂર મહાજન સંઘમાં ફેરવાયું. ગાંધીજીની

પ્રેરણાથી અનસૂયાબહેને ઇ.સ. ૧૯૨૦ માં અમદાવાદ મજૂર મહાજન સંઘની સ્થાપના કરી હતી . આ સંસ્થાને ગાંધીજીએ પોતાના સિધ્ધાંતો અનુસાર ચાલતી ભારતીય મજૂર ચળવળ ની પ્રયોગશાળા તરીકે ગણાવી છે.

મહાજન બાંધવા અંગે ગાંધીજીએ મજૂરોને ત્રણ બાબતો ધ્યાનમાં રાખવા જણાવ્યું હતું, તેમાં પ્રથમ બાબત મહાજનના કાયદાઓ તપાસી જોવાની હતી. બીજી બાબત મજૂરોનુ સ્વમાન જળવાય તે તેમના તરફનું વર્તન ન્યાય મુક્ત રહે તે માટે "મિલમાલિકો મજૂરો પર ન છાજે તેવી સત્તા ન ચલાવી શકે" તે માટે કાળજી રાખવા આગ્રહ કર્યો હતો. ત્રીજી બાબત સંસ્થા સ્વાવલંબી બને તે અંગે હતી અને તેમાં મહાજન નું લવાજમ દર મહિને નિયમિત રીતે ભરવા અનુરોધ કર્યો હતો. ગાંધીજીએ મજૂર મહાજનની સ્થાપના વખતે બે મહત્ત્વની કલમો મૂકી હતી.

1. મજૂરોના પગાર ઓછા છે તે વધારવો અને વધારેલા પગારનો સદુપયોગ થાય તે જોવું.
2. કામ ના કલાક વધારે છે તે ઓછા કરવવા અને બચેલાવખત નો સદુપયોગ થાય તે જોવું.

## ૧૦ કલાકના દિવસની થ્રોસલ ખાતાની લડત – ૧૯૨૦

મજૂર મહાજન સંઘનો હેતુ મજૂરોને ન્યાય અને નીતિપૂર્વક જીવન જીવી શકે તે હતો. સૌપ્રથમ પ્રશ્ન આવ્યો કે ફેક્ટરી એક્ટ પ્રમાણે ૧૨ કલાક સુધી મજૂરો પાસેથી કામ લેવાતું હતું. આ કામના કલાક અતિશય વધારે હતા અને મજૂરોના પગાર પણ અતિશય ઓછા હતા. સંઘને લાગ્યું કે કામના કલાકો અસહ્ય છે તે ૧૦ કલાક હોવા જોઈએ. મિલ માલિક મંડળના પ્રમુખ શેઠ મંગળદાસ હતા. આ બાબત સ્વીકાર્ય ના લાગી. કારણ કે કલાકો ઘટે તો મિલોનો ખર્ચ વધી જાય.

છેવટે પંચ દ્વારા મિલમાલિકોએ કામના ૧૦ કલાક સ્વીકાર્યા અને કારીગરોનો પગાર ના ઘટે તે પણ સ્વીકાર્યું. છેવટે ૧૨ મિલમાલિકો પંચ નીમવા માટે તૈયાર થયા. તેથી એ ૧૨ મિલોમાં કામ ચાલુ રહ્યું. જયારે બાકીની મિલોમાં હળતાળ પડી. આ હડતાળમાં પણ ગાંધીજી દોરવણી આપતા હતા. છેવટે શેઠ મંગળદાસ અને મજૂર પક્ષ તરફથી ગાંધીજી પંચ તરીકે નિમાયા.

તેથી બધી મિલો ચાલુ થઇ ગઈ. પણ ૦૧-૦૫-૧૯૨૦ સુધીમાં બાંધેલી મુદતમાં પાંચ લાંબી વાટાઘાટો કરીને ચુકાદો ન આપી શકતા મજૂરો પંચનો અનાદર કરીને હડતાળ પાડી બેઠા. ગાંધીજી સાથે ૧૨ મિલોએ મસલત કરી ચાર આનાં ઓછા કરાવીને ગાંધીજી સાથે સમાધાન કરી લીધું. આ સમાધાન અનુસાર ૧૦ કલાકનો દિવસ ગણવાનું નક્કી થયું અને થ્રોસલ ખાતાના કારીગરોને પગારમાં વધારો મળ્યો. એની સાથોસાથ ૧૦ કલાકના હિસાબે અન્ય ખાતાંઓના કારીગરોનું કામ ઓછું ઊતરે તો પણ તેમનો પગાર ન ઘટે એવી શેઠ મંગળદાસે કાળજી લીધી.

આમ, દેશમાં બધાં કારખાનાંઓમાં બાર કલાક કામ ચાલતું ત્યારે અમદાવાદની મિલો ૧૦ કલાક ચાલતી થઇ એ મજૂર ચળવળની ઐતિહાસિક ઘટના છે.

## ૧૯૨૧ માં બોનસ અંગે આંદોલન

૧૯૨૦માં મિલોએ સારો નફો થયો હોવાથી દિવાળી પર ૧ મહિનાનો પગાર બોનસ તરીકે મજૂરોને આપ્યો હતો. ૧૯૨૧માં નફો અગાઉ કરતાં પણ વધારે થયો હોવાથી મહાજનના કાર્યકર્તાઓએ બોનસ તરીકે ત્રણ મહિનાનો પગાર માગવાનો અભિપ્રાય ગાંધીજી સમક્ષ રજૂ કર્યો. પરંતુ ગાંધીજી સોદાબાજીની વિરુદ્ધ હતા. તેમણે એ અંગે દોઢ મહિનાનો પગાર માંગવાનું મહાજનને જણાવ્યું. દોઢ મહિનાનું બોનસ માંગવાની વાત કરી પણ મિલમાલિક મંડળના પ્રમુખ મંગળદાસે એક મહિનાનો પગાર બોનસ તરીકે આપવાનો ચુદાકો આપ્યો. છેવટે હડતાળ પડી. આ હડતાલ

Vol. 04, Issue 01, Jan.-March 2022
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

દરમ્યાન બનારસ યુનિવર્સીટી માટેના ફાળા અંગે મદનમોહન માલવિયાનું અમદાવાદમાં શેઠ મંગળદાસને ત્યાં ઊતર્યા હતા. તેમની મધ્યસ્થી સ્વીકારાઈ. તેમણે ૨૮/૧૦/૧૯૨૧ ના રોજ ચુકાદો આપ્યો : જેમનો પગાર રૂ.૭૫ થી ઓછો હોય તેમને એક મહિનાનો સરેરાશ પગાર તથા રૂ.૭-૮-૦ બોનસ તરીકે આપવા અને જેમનો પગાર રૂ.૭૫ કે તેથી વધારે હોય તેમણે રૂ.૭૫ નું બોનસ આપવું. બંને પક્ષોએ આ ચુકાદો સહર્ષ સ્વીકારી લીધો.

## ૧૯૨૩ ની ૨૦ ટકાના પગારકાપની લડત

૧૯૨૩ માં મિલ ઉદ્યોગની સ્થિતિ નબળી પડી. આથી માલિક મંડળના પ્રમુખ શેઠ મંગળદાસે મિલોને ટકાવી રાખવા. મજૂરોના પગારમાં ૨૦% કાપ મૂકવાની જાહેરાત કરી. આથી મજૂરોમાં અસંતોષ ફેલાયો અને તેઓ હડતાળ પર ઊતર્યા. એ વખતે 'યંગ ઇન્ડિયા' ના લેખો માટે ગાંધીજીને ૬ વર્ષની અને બેંકરને ૧ વર્ષ જેટલી સજા થઇ હોવાથી તેઓ યરવડા જેલમાં હતા. એક અથવા બીજા કારણે પંચની પ્રથા અમલી નહિ બનતાં હડતાળ પડી. હડતાળમાં શેઠ કસ્તુરભાઈ અને શ્રી આનંદશંકર ધ્રુવ પણ સમાધાન કરાવવા પ્રયાસ કરતાં હતા. પરંતુ તેમના પ્રયાસ નિષ્ફળ નિવડ્યા. શેઠ મંગળદાસે પોતાનું વલણ મક્કમ બનાવી રાખ્યું. બે મહિનાની હડતાળથી મજૂરોની સ્થિતિ દુ:ખદ બનતાં લાચારીપૂર્વક સ્વીકારવો પડ્યો અને હડતાળ પાછી ખેંચી. ૬૫ દિવસની આ હડતાળથી માલિકોને મજૂરોને આર્થિક રીતે ઘણું સહન કરવું પડ્યું.

## ૧૯૨૬ માં પગારકાપ રદ કરવાની લડત.

૧૯૨૬માં ઉદ્યોગોની સ્થિતિ સુધારતા મે મહિનામાં થ્રોસલ, સાળ, ફ્રેમ, કાર્ડ બ્લો અને ઇજનેર ખાતાના કારીગરોએ ૧૯૨૩ નો પગારકાપ પાછો મેળવવા માંગણી કરવા માંડી હતી અને કાયમી પંચ પાસે એ પ્રશ્ન ગયો હતો. ગાંધીજી અને શેઠ મંગળદાસ આ મુદ્દા પર એક મત ન થઇ

શકતાં ૧૯૨૯ માં સરપંચ તરીકે દી. બ. કૃષ્ણલાલ ઝવેરીને નીમી તેમની સમક્ષ એ પ્રશ્ન મૂકવામાં આવ્યો હતો.તેમણે ફરી મજૂરોની સ્થિતિનો અભ્યાસ કર્યો અને તેમણે ચુકાદો આપતા જણાવ્યું કે મોટી સંખ્યાના મજૂરોને પેટપૂરતો પગાર મળતો નથી. તેથી ૧૯૨૩ નો પગારકાપ મજૂરોને પાછો આપવો આવશ્યક છે. આ માટે એમણે સાળખાતાના મજૂરોને ૫ ટકાનો અને જેમનો પગાર સાળખાતા કરતા ઓછો હતો તે સ્પિનિંગ ખાતાના મજૂરોને ૮ ટકાનો વધારો મળે એમ ઠરાવ્યું. અંતે માંગણી સંતોષાતી ન હોવા છતાં ચુકાદો સ્વીકારી લીધો. માલિકોએ પણ ચુકાદાને માન આપ્યું.

## મજૂરો અને સ્વતંત્રતાની લડત

મજૂર મહાજન સંઘ એ ગુજરાતના મજૂરોના પ્રશ્નોને વાચા આપતું મજબૂત પીંઠીકા પૂરવાર થયું છે. આ મજૂર સંઘના નેજા હેઠળ ગાંધીજીને ૧૯૩૦-૩૧ ની સવિનય કાનૂન ભંગની લડતમાં અને ૧૯૪૨ ની હિન્દ છોડો લડતમાં સાડા ત્રણ મહિનાની હડતાળ પાડી મજબૂત ટેકો આપ્યો. કાયદા મુજબકામના કલાક ૮ નકકી થતાં મિલો અને મોટાં કારખાનાંઓએ ત્રણ પાળી ચલાવવા માંડી.

આમ, અમદાવાદમાં નંખાયેલ મજૂર આંદોલનમાં બીજને ગાંધીજીએ સત્ય અને અહિંસાનાં સાધનો વડે સિંચન કરતાં એમાંથી ઉદ્યોગોના વિકાસની સાથો સાથ મજૂરોનું કલ્યાણ પણ સાધી શકાયું. ૧૯૪૭ માં ગાંધીજીએ સભા બોલાવી હિન્દી રાષ્ટ્રીય મઝદૂર સંઘ (Indian National Trade Union Congress, INTUC) ની સ્થાપના કરી. આ સંસ્થામાં બંધારણમાં મજૂર મહાજન સંઘના પાયાના સિદ્ધાંતો અપનાવી લેવાયા અને મજૂરોને લાગતાં કાયદા અને અનેક નિયમો લાદવામાં આવ્યા.

## સંદર્ભો


1. ડૉ. મકરંદ મહેતા, ડૉ. શિરીન મહેતા, ગાંધીયુગ પહેલાંની અમદાવાદના મિલમજૂરોની એક અભૂતપૂર્વ હડતાલ, ૧૮૯૫ : વર્ણન અને વિશ્લેષણ, લેખ
2. દેસાઈ મહાદેવ, 'એક ધર્મયુધ્ધ', નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૯૯૪
3. બેંકર શંકરલાલ, 'ગાંધીજી અને મજૂરપ્રવૃતિ', નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૯૬૫
4. શુકલ શિવશંકર, 'અનસૂયાબેન સારાભાઈની જીવનકથા', નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૩
5. દેસાઈ શાંતિલાલ, 'અમદાવાદ મજૂર મહાજન સંઘ- ઐતિહાસિક રૂપરેખા' ભાગ ૧, ગાંધી મજૂર સેવાલય, અમદાવાદ,૧૯૫૭
6. દેસાઈ ખંડુભાઈ, 'હડતાળ', ગાંધી મજૂર સેવાલય, અમદાવાદ, અપ્રાપ્ય
7. વસાવડા શામપ્રસાદ, 'મજૂર ચળવળ' ભાગ – ૧, ગાંધી મજૂર સેવાલય, અમદાવાદ,૧૯૬૮
8. વસાવડા શામપ્રસાદ,'આપણું મજૂર આંદોલન', ગાંધી મજૂર સેવાલય, અમદાવાદ, અપ્રાપ્ય
9. પ્રસાદ સંજય, 'ગુજરાતની મજૂર ચળવળોનો ઈતિહાસ', મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ,૨૦૧૯